સંક્ષિપ્ત સમાચાર

પંચમહાલ જીલ્લા સહકારી સંઘમાં કાલોલ વિભાગમાં ડિરેક્ટર તરીકે પાટીદાર અગ્રણી નીરવ પટેલની નિમણૂક

કાલોલ : કાલોલ તાલુકાના રામનાથ ગામના અગ્રણી અને પાટીદાર સમાજના અગ્રણી નીરવભાઈ પટેલ આજ રોજ પંચમહાલ જીલ્લા સહકારી સંઘ ના વ્યવસ્થાપક કમિટી ની ચૂંટણીમાં જાહેર થયેલ પરિણામ માં કાલોલ વિભાગ (ઇ એ પ) (સેવા સહકારી મંડળીઓ ખેતી વિષયક મંડળીઓ , વૃક્ષ ઉછેર ,તેલીબીયા, શાકભાજી પશુપાલન વિગેરે મંડળીઓ,ખરીદ વેચાણ સંઘો,ગ્રાહક ભંડારો , રૂપાંતર મંડળીઓ અને પિયત મંડળીઓ વિભાગ) મા તેમના નિકિટતમ પ્રતિસ્પર્ધી જયંતીભાઈ વલ્લભભાઈ પટેલ ને હરાવી વિજેતા બન્યા છે જયંતીભાઈ ને ૨ મત મળ્યા હતા જ્યારે નીરવભાઈ ને ૪ મત મળ્યા અને ૨ મતો અમાન્ય ઠરાવ્યા હતા. નીરવભાઈ પટેલ વિજયી જાહેર થતા તેઓને શુભેરછાઓ આપી હતી.

કાળઝાળ ગરમીથી રાહત માટે, કાલોલ બજારમાં પાણીની પરબ ખુલ્લી મુકાઈ

કાલોલ : કાલોલ ચાર રસ્તા પાસે સેન્ટ્રલ બેંક પાસે આજ રોજ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા પીવાના પાણીની પરબ ખુલ્લી મુકવામાં આવી ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી કાલોલ ના પ્રમુખ સતિષભાઈ શાહ ઉપપ્રમુખ અને ભાજપ જીલ્લા ઉપાધ્યક્ષ ડો યોગેશ પંડ્યા, સેક્રેટરી ડો પ્રકાશ ઠક્કર તેમજ કાલોલ નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી પક્ષના નેતા હરિકૃષ્ણ પટેલ કોર્પોરેટર ગોપાલભાઈ પંચાલ, હનીફભાઇ મન્સુરી, લઘુમતી મોરચાના ઈકબાલ દિવાન તાલુકા પંચાયત સદસ્ય ડો કિરણસિંહ પરમાર તથા નિલેશ સુથારીયા દ્વારા દીપ પ્રાગટ્ય કરી પરબને ખુલ્લી મુકવામાં આવી હતી. સ્થાનિકો ઠંડુ પાણી ૩ મહિના સુધી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

દાહોદ શહેરમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિએ પુષ્પાંજલી અર્પણ કરાઈ

દાહોદ : ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની આજરોજ દાહોદ શહેર સહિત જિલ્લાના તમામ સેવાભાવી સંસ્થાઓ, શૈક્ષણિક આલમ, રાજકીય પક્ષો વિગેરે દ્વારા જન્મ જયંતિની ઉજવણી કરી હતી. દાહોદ શહેરમાં આ દિવસે દાહોદની ભારતીય જનતા પાર્ટીના આગેવાનો જેમાં દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર, દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, દાહોદ નગરપાલિકા પ્રમુખ ગોપી દેસાઈ તેમજ દાહોદ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ દાહોદ શહેરમાં રેલી કાઢી હતી અને આ રેલી શહેરના વિવિધ માર્ગો પર વાજતે ગાજતે ફરી હતી. બાદમાં આ રેલી દાહોદ શહેરના આંબેડકર ચોક ખાતે પહોંચી હતી જ્યાં આંબેડકરની પ્રતિમાને દાહોદના ભારતીયજ જનતા પાર્ટીના આગેવાનોએ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરે આંબેડકરજીના જીવન ચરિત્ર પર વક્તવ્ય અને તેઓની જીવન શૈલી વિશે માહિતી પણ આપી હતી. સાથે સાથે દેશના સંવિધાનમાં ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરના મહત્વના યોગદાન વિશે પણ માહિતી આપી હતી.

તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી, વેપારીઓ બિનઆરોગ્યપ્રદ આઈસ્ક્રીમનું વેચાણ કરતા હતા

લીમખેડામાં આરોગ્ય વિભાગની કાર્યવાહી, ભેળસેળયુક્ત આઈસ્ક્રીમ-પાણીપુરીનો જથ્થો જપ્ત

તપાસ દરમિયાન બિનઆરોગ્યપ્રદ અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનો મોટો જથ્થો જપ્ત કરી નાશ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) લીમખેડા, તા.15 લીમખેડા તાલુકામાં આરોગ્ય વિભાગે ખાદ્યપદાર્થોના વેચાણકર્તાઓ સામે મોટી કાર્યવાહી કરી છે. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. સી.એમ. મછારની આગેવાનીમાં ટીમે દુકાનોની તપાસ હાથ ધરી. તપાસ દરમિયાન બિનઆરોગ્યપ્રદ અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનો મોટો જથ્થો જપ્ત કરી નાશ કરવામાં આવ્યો હતો.”.

“તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. વેપારીઓ બિનઆરોગ્યપ્રદ આઈસ્ક્રીમનું વેચાણ કરતા હતા. સડેલા બટાકામાંથી પાણીપુરી બનાવતા હતા. સડેલી કેરીઓમાંથી જ્યુસ તૈયાર કરતા હતા. રસાયણયુક્ત ચાસણીનો ઉપયોગ કરતા હતા. દુકાનોમાં સ્વચ્છતાનો ગંભીર અભાવ જોવા મળ્યો હતો. ડૉ. મછારે સ્પષ્ટ ચેતવણી આપી છે. જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈને છૂટ નહીં મળે. ઉનાળા દરમિયાન નિયમિત તપાસ થશે. નિયમભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે.”.

“સ્થાનિક નાગરિક ધર્મેન્દ્રભાઈએ કહ્યું કે બજારમાંથી ખરીદેલા ખાદ્યપદાર્થોની ગુણવત્તા વિશે ખબર નથી હોતી. આવી તપાસથી લોકોનો વિશ્વાસ વધશે. કેટલાક નાગરિકોએ નિયમિત તપાસની માંગ કરી છે. આરોગ્ય વિભાગે વેપારીઓને સ્વચ્છતા જાળવવા અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો વેચવાની સૂચના આપી છે. નિયમિત ચકાસણી દ્વારા નાગરિકોને સુરક્ષિત ખોરાક મળે તેની ખાતરી કરાશે. આ કાર્યવાહીથી વેપારીઓમાં સ્વચ્છતા અને ગુણવત્તા પ્રત્યે જાગૃતિ આવશે તેવી આશા છે.

સિંગવડમાં પીવાના પાણી માટે એક પણ હેડ પંપ નહિ હોવાથી પરેશાની

કામ અર્થે બહાર ગામથી આવતા લોકોને પીવાના પાણી માટે ફાફા

(પ્રતિનિધિ) સીંગવડ, તા.15 સિંગવડ તાલુકાના સિંગવડ નગરમાં પીવાના પાણી માટે મુસાફરો ને ફાફા મારવા પડતા હોય છે જ્યારે સિંગવડ બજારમાં એક પણ હેડ પંપ ચાલુ નહીં હોવાના લીધે બહારથી આવતા મુસાફરો તથા તાલુકાના કામ અર્થે આવતા લોકોને પીવાના પાણી માટે ફાફા મારવાનો વારો આવ્યો છે જ્યારે સરકારી તંત્ર દ્વારા બંધ હેડ પંપો તેને પાછા ચાલુ કરવામાં પણ રસ નથી જ્યારે સિંગવડ બજારમાં પાણીની પરબની વ્યવસ્થા પણ કરવામાં નથી આવી જ્યારે આવા ભર ઉનાળે લોકોને પીવાના પાણીની આગ બુજાવવા માટે હોટલો કે પછી વેચાતું પાણી લેવા માટે મજબૂર થવું પડે છે જ્યારે સિંગવડ ખાતે તાલુકા પંચાયત સભ્યને 20% ની ગ્રાન્ટમાંથી બે વર્ષથી પાણીનું વોટર કુલર મંજૂર કરી દેવામાં આવ્યું છે તો આજ દિન સુધી આ પાણીનો વોટર કુલર નાખવામાં નથી આવ્યું પીવાના પાણી માટે મુસાફર તથા લોકોને ભર ઉનાળે તકલીફ પડતી હોય છે જ્યારે સરકાર દ્વારા નાખવામાં આવેલા હેડ પંપો પણ શોભાના ગાંઠિયા સમાન લાગી રહ્યા છે જ્યારે સરકાર દ્વારા દરેક ગામોમાં પાણીની સુવિધા ગરમી ને ધ્યાનમાં રાખીને કરવામાં આવતી હોય છતાં સરકારી તંત્ર દ્વારા કોઈપણ હેડ પંપો રીપેરીંગ કરવામાં નથી આપતા કે પછી સરકારી તંત્ર દ્વારા પીવાના પાણીની માટે વ્યવસ્થા ઉભી કરવામાં નથી આવતી.

શહેરાના ભોટવા ગામેથી લીલા તાજાં પંચરાઉ લાકડા ભરેલી ટ્રક પકડાઈ

(પ્રતિનિધિ) શહેરા, તા.15 પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ભોટવા ગામેથી પસાર થઈ રહેલો લીલા તાજાં પંચરાઉ લાકડાં ભરેલો એક ટ્રક શહેરા વન વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. શહેરના વન વિભાગને મળેલી બાતમીના આધારે, પરિક્ષેત્ર વન અધિકારી આર. વી. પટેલના માર્ગદર્શન હેઠળ પાનમ રોડ તરફ જતા ભોટવા ગામ પાસે નાકાબંધી કરવામાં આવી હતી. આ દરમિયાન, ટ્રક નંબર GJ 17Y/9917 ને ઊભો રાખીને તેમાં ભરેલા લાકડા અંગે પાસ પરમિટ માંગવામાં આવી હતી. ટ્રક ચાલક દ્વારા કોઈપણ પ્રકારની માન્ય પાસ પરમિટ રજૂ કરવામાં ન આવતા, વન વિભાગના સ્ટાફે તાત્કાલિક કાર્યવાહી કરી ટ્રકને અટકાવ્યો હતો. ઝડપાયેલા ટ્રકમાં લીલા અને તાજા પંચરાઉ જાતના લાકડાં મળી આવ્યા છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ૪ લાખ ૫૦ હજાર આંકવામાં આવી રહી છે. વન વિભાગે આ મુદ્દામાલને જપ્ત કરીને આગળની તપાસ માટે શહેરા રેન્જ કમ્પાઉન્ડમાં મૂક્યો છે. આ કાર્યવાહી દરમિયાન નીચેના વન વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતાઃ (૧) એસ. બી. માલીવાડ, રાઉન્ડ ફોરેસ્ટર, શહેરા (૨) કે. આર. બારીઆ, બીટ ગાર્ડ, શેખપુર (૩) ડી. એસ. પટેલીયા, કમ્પાર્ટમેન્ટ ગાર્ડ, શેખપુર વન વિભાગ દ્વારા આ બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપનારા અને વહન કરનારા તત્વો સામે કડક પગલાં લેવામાં આવશે તેમ વન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આર. વી. પટેલના માર્ગદર્શન હેઠળ પાનમ રોડ તરફ જતા ભોટવા ગામ પાસે નાકાબંધી કરવામાં આવી હતી.

ઝાલોદના દેપાડા ગામે ટ્રક ચાલકે બાઈકને અડફેટમાં લેતાં એકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.15 દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના દેપાડા ગામે એક ટ્રકના ચાલકે એક મોટરસાઈકલ પર સવાબે વ્યક્તિને અડફેટમાં લેતાં બે પૈકી એકનું શરીરે ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

તા.૧૩મીના રોજ કચુંબર ગામે આમલા ફળિયામાં રહેતાં અજયભાઈ મુકેશભાઈ સાથે કિશનભાઈ રામુભાઈ પરમાર બંન્ને એક મોટરસાઈકલ પર સવાર થઈ ઝાલોદના કચુંબર ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. તે સમયે એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક ને ગફલત ભરી રીતે હંકારી લાવી અજયભાઈના કબજાની મોટરસાઈકલને અડફેટમાં લેતાં અજયભાઈ તથા કિશનભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં. કિશનભાઈને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

સંવિધાનના ઘડવૈયા ડૉ આંબેડકરની જન્મ જયંતીના દિવસે યાદ કરીને કાર્યક્રમનો શુંભારમ કર્યો

ડો. આંબેડકર જન્મ જયંતીના દિવસે અન્નપૂર્ણા ટ્રસ્ટ ગોધરા ખાતે કવિ મિલન યોજાયું

કવિમિલન સમારોહ પંચમહાલની જાણીતી સેવાભાવી સંસ્થા અન્નપૂર્ણા ટ્રસ્ટના હોલમાં ભારે ઉત્સાહભેર સંપન્ન થયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.15 પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે સંસ્કાર ભારતી પંચમહલ દ્વારા બંધારણના ઘડવૈયા ડૉ બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીના દિવસે નાટ્યશાસ્ત્રના લેખક ભરતમુનિની જન્મ જયંતીના ઉપલબ્ધમાં કવિમિલન સમારોહ પંચમહાલની જાણીતી સેવાભાવી સંસ્થા અન્નપૂર્ણા ટ્રસ્ટના હોલમાં ભારે દબદબાપેર સંપન્ન થયો, કાર્યક્રમમાં ગોધરાના નામે કવિઓ સર્વશ્રી નરેન્દ્રભાઈ જોશી, દિલીપસિંહ પુવાર, જયદિપસિંહ પુવાર, મહેશ પટેલ, મહેન્દ્ર પરમાર ફોરમ, વનરાજ સોલંકી, ઝલક પટેલ, ઉર્વશી ગોહિલ, નીતાબેન ઉપાધ્યાય, દશરથસિંહ સોલંકી અને પૂર્ણિમાબેન ઉપાધ્યાયે પોતાની ચુનંદા રચનાઓ રજૂ કરી શ્રોતાઓને મંત્રમુક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય સ્થાનેથી બોલતા ડોક્ટર જે એન શાસ્ત્રીએ ડૉ બાબાસાહેબ આંબેડકર અને ભરતમુનિની દેશ માટેની તેમની સેવાઓને યાદ કરીને તેમના જીવન કવન વિશે પ્રકાશ પાડ્યો હતો. આ કવિમિલન કાર્યક્રમમાં જિલ્લાના સંઘચાલક રાજેશભાઈ જોશી, સંસ્કાર ભારતીના મહામંત્રી ગોપાલ એટલ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના વિવિધ સંસ્થાઓના આગેવાનો, શ્રોતાઓ અને રસિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. કવિમિલન સમારોહનું સંચાલન જાણીતા સાહિત્યકાર ડૉ કુમાર જૈમિનિ શાસ્ત્રી કર્યું હતું.

આધેડને એક મહિના અગાઉ એટેકને કારણે સ્ટેન્ટ મૂકાયું હતું

હાલોલમાં પાણી ઢોળાતુ હોવાની બાબતે દલિત સભ્યો પર 5 ઈસમોએ માર મારતાં ફરિયાદ

ઇજાગ્રસ્ત આધેડને હાલોલ ખાતે પ્રાથમિક સારવાર બાદ વડોદરા એસ.એસ.જી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

(પ્રતિનિધિ) હાલોલ,તા.15 પંચમહાલ જિલ્લાના હાલોલમાં રહેતા એક દલિત પરિવારના ઘરનું પાણી ફળિયામાં જતાં ફળિયામાં રહેતા વિધર્મી પાંચ પુરુષો તથા બે મહિલાઓ દ્વારા જાતિવિષયક અપશબ્દો બોલી લાકડીથી હૂમલો કરતાં એક મહિના અગાઉ એટેક ને કારણે સ્ટેન્ટ મૂકેલા દલિત પુરુષ તથા તેમના પુત્ર પર તથા પૂત્ર વધુ પર હૂમલો કરતાં ઈજાગ્રસ્ત આધેડને સારવાર માટે હાલોલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી વધુ સારવાર માટે એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પંચમહાલ જિલ્લાના હાલોલ મુકામે આવેલા નવરંગ સોસાયટીમાં શાંતિલાલ સોલંકી તથા તેમના પત્ની,પુત્ર અને પુત્રવધુ રહે છે ગત તા.14 એપ્રિલના રોજ શાંતિલાલ સોલંકી ના ઘરનું પાણી વહીને સોસાયટીમાં જતાં સોસાયટીમાં રહેતા પાંચ પુરુષો તથા મહિલાઓએ આ બાબતે ઝઘડો કર્યો હતો જેથી શાંતિલાલ સોલંકી ના પત્ની સપનાબેન શાંતિલાલ સોલંકીએ તે લોકોના ઘર પાસે જઈને જણાવ્યું હતું કે તેઓ હવે પછીથી પાણી આ તરફ નહીં આવવા દે પરંતુ તમે અપશબ્દો ન બોલો ત્યારે વિધર્મી પરિવારના લોકો ઉશ્કેરાઇ દલિત પરિવારના સભ્યો ને જાતિ વિષયક અપશબ્દો બોલી બિભત્સ શબ્દો સાથે ઝઘડો કર્યો હતો અને ત્યારબાદ સાજીદ,શાહિલ, અલ્તાફ,રિઝવાન તથા બાદશાહે લાકડી વડે હૂમલો કર્યો હતો .

દાહોદના બોરડી રેલવે સ્ટેશને દર્દનાક અકસ્માત

ચાલુ ટ્રેનમાં ચઢવા જતાં યુવકના બંને પગ કપાયા

એક યુવકને માથામાં ઈજા થતાં સારવાર અર્થે વડોદરા ખસેડાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.15 દાહોદ જિલ્લાના બોરડી રેલવે સ્ટેશન પર આજે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની હતી, દહેરાદૂન એક્સપ્રેસમાં થાંદલા જવા નીકળેલા લીમખેડા ગામના દરજી સમાજના ચાર યુવકોમાંથી બે યુવકો સાથે ગંભીર અકસ્માત સર્જાયો હતો. દાહોદના બોરડી સ્ટેશન પર ટ્રેનનું સ્ટોપેજ હોવાથી બે યુવકો ટ્રેનમાંથી ઉતર્યા હતા. થોડી વારમા ટ્રેન ચાલુ થતા ચાલુ ટ્રેનમા ફરી ચઢવાનો પ્રયાસ કરતી વખતે 18 વર્ષીય યુવરાજભાઈ ગોપાલભાઈ દરજી બેલેન્સ ગુમાવતા લપસી પડ્યા હતા અને ટ્રેનના નીચે આવી જતાં તેમના બંને પગ તરત જ ટ્રેન રોકાવી હતી અને બંને યુવકોને ટ્રેન નીચેથી બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે દાહોદની ઝાયડસ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા. જ્યા યુવરાજની સ્થિતિ વધુ ગંભીર હોવાથી હોસ્પિટલમાં રિફર કરાયા છે.

દાહોદ જિલ્લામાં 24 કલાકની અંદર સર્જાયેલા માર્ગ અકસ્માતમાં 6 વ્યક્તિઓને ઈજા

(પ્રતિનિધિ) દાહોદ, તા.15 દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના ચાર અલગ અલગ બનાવોમાં મહિલા સહિત ૬ વ્યક્તિઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવવા પામી છે. પ્રથમ બનાવ ચોસાલા ગામે, બીજો બનાવ થાળા ગામે, ત્રીજો બનાવ કંબોઈ ગામે, ચોથો બનાવ પીપલોદ ગામે બનવા પામ્યો હતો.

બાઈક ચાલકે ચોસાલા ગામના યુવકને અડફેટે લીધો

તા.૧૩મી એપ્રિલના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની બાઈક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી દાહોદના ચોસાલા ગામે ડુંગરી ફળિયામાં રહેતાં ને અકસમાત કર્યો હતો. હેતલભાઈ તોફનભાઈ ભાભોરની બાઈકને અડફેટમાં લેતાં હેતલભાઈ તથા તેમની સાથેના ચિરાગભાઈ કનુભાઈ શરીરે ઈજાઓ પહોંચી છે.

બીજો બનાવ ઝાલોદના થાળા ગામે બનવા પામ્યો હતો

તા.૧૪મી એપ્રિલના રોજ ઝાલોદના થાળા ગામે કાચલા ફળિયામાં રહેતાં મડીયાભાઈ હરસીંગભાઈ નિનામા બાઈક લઈ ઝાલોદના થાળા ગામે બસ સ્ટેશન નજીકથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે અજાણ્યા વાહનના ચાલકે બાઈકને ટક્કર મારતાં મડીયાભાઈને ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં.લીમડી પોલીસે ગુનો નોંધી હાથ ધરી છે.

ત્રીજો બનાવ લીમખેડાના કંબોઈ ગામે બનવા પામ્યો હતો

જેમાં ગત તા.૩૦મી માર્ચના રોજ એક ફોર વ્હીલર ચાલકે ગફલત ભરી રીતે હંકારી લાવી લીમખેડાના જેકોટ ગામે જાદા ફળિયામાં રહેતાં ચિનિયાભાઈ રાકેશભાઈ મહીડાની મોટરસાઈકલને અડફેટમાં લેતાં ચિનિયાભાઈ તથા તેમની સાથેના સીવાનીબેનને શરીરે ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. કાર્યવાહી હાથ ધરી છે.

ચોથો બનાવ દેવગઢ બારીઆના પીપલોદ ગામે બન્યો હતો

જેમાં ગત તા.૨૪મી માર્ચના રોજ દેવગઢ બારીઆના પીપલોદ ગામે રહેતો કિરણકુમાર ધિરસીંગભાઈ પટેલે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સામેથી અન્ય એક મોટરસાઈકલ આવી જતાં કિરણકુમારે અચાનક પોતાના કબજાની મોટરસાઈકલને બ્રેક મારતાં મોટરસાઈકલ પર સવાર દેવગઢ બારીઆના પીપલોદ ગામે માતાના વડ ફળિયામાં રહેતાં આરતભાઈ બળવંતભાઈ પુજારાને શરીરે ઈજાઓ પહોંચતાં તેમને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે ઈજાગ્રસ્ત આરતભાઈ બળવંતભાઈ પુજારાએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આમ વિતેલા 24 કલાક માં અલગ અલગ સ્થળે માર્ગ અકસ્માતના બનાવોમાં મહિલા સહિત ૬ વ્યક્તિઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવવા પામી છે.

હાલોલના વિશ્વાસઘાતના ગુનામાં બે વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.15 હાલોલ ટાઉન પોલીસ મથકના વિશ્વાસઘાતના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજસ્થાન ખાતેથી પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે ઝડપી પાડ્યો. પંચમહાલ જિલ્લા પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમ જિલ્લાના પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ વિવિધ ગુનાઓ હેઠળ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાની ખાસ ઝુંબેશમાં હતી જે અંતર્ગત કામગીરી કરી રહેલી પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમને મળેલી બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે હાલોલ ટાઉન પોલીસ મથકના વર્ષ 2023 ના વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપી ગણેશ પુરણસિંહ રાવત રહે. પેટાખેડા, કોટ,તા.રાયપુર જિ. બ્યાવર, રાજસ્થાનનાઓને તેના ઘરે પેટાખેડા રાજસ્થાન ખાતેથી ઝડપી પાડયો હતો જેમાં ઝડપાયેલા આરોપી ગણેશ રાવતને આગળની કાયદાકીય કાર્યવાહી અંતર્ગત હાલોલ ટાઉન પોલીસ મથકે સોપવામાં આવ્યો હતો.